BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# જ્ઞાનગંગા

## ન્યૂઝ લેટર






વર્ષ : 19 અંક : 65 એપ્રિલ - જૂન : 2025

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

•

# કુલપતિશ્રીની કલમે...



શિક્ષણ, સમાજ ઉત્કર્ષ અને રાષ્ટ્રસમર્પણની દિશામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જે અવિરત ગતિએ આગળ વધી રહી છે, તેનું સુંદર પ્રતિબિંબ 'જ્ઞાનગંગા'ના આ એપ્રિલ-જૂન 2025ના અંકમાં નિહાળીને મન અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

આ ત્રિમાસિક ગાળામાં યુનિવર્સિટીનો 10મો પદવીદાન સમારંભ માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને શિક્ષણમંત્રીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં અત્યંત ગરિમાપૂર્ણ રીતે સંપન્ન થયો, જેમાં 18,108 જેટલા વિદ્યાર્થીઓએ પદવી પ્રાપ્ત કરી પોતાની જ્ઞાનયાત્રાને નવો આકાર આપ્યો. શિક્ષણ માટે ઉંમરનો કોઈ બાધ નથી હોતો, તે વાત 82 વર્ષની વયે Ph.D.ની ઉપાધિ પ્રાપ્ત કરનાર ડૉ. રમીલાબેન શુક્લએ સાબિત કરી યુનિવર્સિટીના 'સૌના માટે શિક્ષણ'ના ધ્યેયને વૈશ્વિક ફલક પર સાર્થક કર્યો છે.

શિક્ષણને સમાજના છેવાડાના અને વંચિત વર્ગ સુધી પહોંચાડવાની આપણી પ્રતિબદ્ધતા આ ગાળામાં વધુ સુદૃઢ બની છે. પાટણ અને લાજપોર (સુરત) જેલની મુલાકાત લઈ કેદી ભાઈઓને મફત ઉચ્ચ શિક્ષણથી જોડવાની પહેલ હોય કે પછી સુરતમાં ટ્રાન્સજેન્ડર સમુદાય સાથે વિશેષ સંવાદ કરી તેમને મુખ્ય પ્રવાહમાં લાવવા મફત શિક્ષણની ખાતરી આપવાની વાત હોય, BAOU હંમેશાં સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં અગ્રેસર રહ્યું છે.

યુનિવર્સિટી કેવળ શૈક્ષણિક પરિસર ન રહેતાં રાષ્ટ્રચેતના અને યુવા ઘડતરનું કેન્દ્ર બની છે. પહેલગામ આતંકી હુમલાના વળતા જવાબરૂપે ભારતીય સેના દ્વારા કરાયેલા 'ઓપરેશન સિંદૂર'ની સફળતાને તિરંગા યાત્રા અને વિશ્વ યોગ દિવસે વિશિષ્ટ 'સિંદૂર'ના છોડના વાવેતર થકી બિરદાવી આપણે રાષ્ટ્રભક્તિ અને નારી સશક્તીકરણનો અનોખો સંદેશ આપ્યો છે. AIUના ઉપક્રમે 'યુવાશક્તિ, ભારતની શક્તિ' કાર્યક્રમનું યજમાનપદ શોભાવી રાષ્ટ્રીય સુરક્ષા માટે યુવાનોને સંકલ્પબદ્ધ કર્યા. વધુમાં, તૃતીય નેશનલ વુમન પાર્લામેન્ટમાં રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતીય ઉપવિજેતાનો ખિતાબ પ્રાપ્ત કરવો, એ આપણી વિદ્યાર્થિનીઓની વૈચારિક તેજસ્વિતાનું ઉત્તમ પ્રમાણ છે.

સાહિત્ય, સ્વાસ્થ્ય અને સંસ્કૃતિના સંવર્ધન માટે પણ પરિસર સતત ધબકતું રહ્યું છે. 'સર્જકની આંતરકથા' શ્રેણી હેઠળ મૂર્ધન્ય સર્જકો શ્રી વિનેશ અંતાણી અને શ્રી રઘુવીર ચૌધરી સાથેના સંવાદો, વિશ્વ પુસ્તક દિવસે 'પુસ્તક પરબ', બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી અને 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે 'સ્વાસ્થ્યરક્ષા યોગ શિબિર' તથા રક્તદાન શિબિર જેવા કાર્યક્રમોએ મૂલ્યનિષ્ઠ શિક્ષણનો પ્રસાર કર્યો છે. આપણા કૉમ્યુનિટી રેડિયો 'Hello BAOU'નું રાષ્ટ્રીય સ્તરે 'WAVES એવોર્ડ્સ-2025'માં સેમીફાઈનલિસ્ટ બનવું તેમજ Zee 24 કલાક દ્વારા યુનિવર્સિટીને 'Excellent in State University'નો પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત થવો, એ સંપૂર્ણ 'ટીમ BAOU'ના સંનિષ્ઠ પ્રયાસોની જ ફલશ્રુતિ છે. આ જ સમયગાળામાં વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીના અકાળ અવસાનથી યુનિવર્સિટી પરિવારે ઘેરા શોકની લાગણી અનુભવી છે અને તેમના રાષ્ટ્રનિર્માણનાં અવિસ્મરણીય કાર્યોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

આવો, સર્વસમાવેશક અને ગુણવત્તાયુક્ત શિક્ષણના આ પવિત્ર યજ્ઞમાં આપણે સૌ સાથે મળીને વિકસિત ભારતના નિર્માણ તરફ મક્કમ ડગ માંડતા રહીએ. જ્ઞાનની આ ગંગા સદૈવ વહેતી રહે તેવી અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ!

પ્રો. અમી ઉપાધ્યાય
કુલગુરુ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

# ‘જ્ઞાનગંગા’ના પ્રવાહને જેલ સુધી પહોંચાડતી
# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી: કેદીઓને ઉચ્ચ શિક્ષણનો લાભ

**તારીખ: 3 એપ્રિલ, 2025**

**પાટણ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ગુજરાતની તમામ જેલોને તેનાં મહત્ત્વનાં કેન્દ્રો તરીકે ગણવામાં આવે છે. આ શૈક્ષણિક પહેલના ભાગરૂપે, યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ, યુનિવર્સિટીનાં પ્રતિનિધિઓ ડૉ. સોનલ ચૌધરી, ડૉ. કિંજલ પટેલ અને શ્રી સંદીપ પટણી દ્વારા પાટણ સબ જેલની મુલાકાત લેવામાં આવી હતી.**

**આ મુલાકાત દરમિયાન, પાટણ સબ જેલના સુપરિન્ટેન્ડન્ટ અને કેન્દ્રના સંયોજક શ્રી બલદેવભાઈ દેસાઈ તથા યુનિવર્સિટીના પ્રતિનિધિઓ દ્વારા જેલના 120 કેદીઓને યુનિવર્સિટીના CFN સિવાયના વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતી આપવામાં આવી હતી. સુપરિન્ટેન્ડન્ટ શ્રી બી. ટી. દેસાઈ, તેમની ટીમ શ્રી પરેશભાઈ દેસાઈ અને શ્રી મેહુલભાઈ સોલંકી સાથે, યુનિવર્સિટીના પ્રતિનિધિઓએ રસ ધરાવતા કેદીઓ માટે ત્વરિત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરી હતી. આ પ્રસંગે, કેદીઓને જેલની લાઈબ્રેરીનો ઉપયોગ કરીને તેમના સમયનો સદુપયોગ કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સુપરિન્ટેન્ડન્ટ અને તેમની ટીમ દ્વારા પૂરા પાડવામાં આવેલા સહયોગ બદલ આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો, જે યુનિવર્સિટી અને જેલ-પ્રશાસન વચ્ચેના મજબૂત સહકારને દર્શાવે છે**





# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને નેશનલ વુમન પાર્લામેન્ટમાં રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતીય ઉપવિજેતાનો ખિતાબ મળ્યો

તારીખ: 4 એપ્રિલ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)એ તૃતીય નેશનલ વુમન પાર્લામેન્ટમાં દ્વિતીય ઉપવિજેતા બનીને સમગ્ર દેશમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી. આ સિદ્ધિ માનનીય કુલપતિ શ્રી પ્રો. અમી ઉપાધ્યાયના સબળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ મળી.

એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી, નવી દિલ્હી દ્વારા ઓડિશાની સેન્ચ્યુરિયન યુનિવર્સિટી ખાતે "Empowering Voice, Shaping Futures: Vikasit Bharat" વિષય પર તૃતીય નેશનલ વુમન પાર્લામેન્ટ 2024-25નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં BAOUની વિદ્યાર્થિનીઓ ઈપ્શીતા મુખર્જી (પ્રાદેશિક કેન્દ્ર-કચ્છ), ખેવના જોશી (પ્રાદેશિક કેન્દ્ર-પાલનપુર) અને રાજવી કડિયા (પ્રાદેશિક કેન્દ્ર-ગોધરા)એ ભાગીદારી કરી. યુનિવર્સિટીમાંથી ટીમ મેનેજર તરીકે ડૉ. નિશા જોષી ઉપસ્થિત રહ્યાં.

સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં 'વન નેશન વન ઈલેક્શન' વિષય પર સત્તાધારી પક્ષ તરીકે રજૂઆત કરવાની તક મળી. બીજા રાઉન્ડમાં 'ટેલિકમ્યુનિકેશન બિલ' પર વિરોધ પક્ષ તરીકે પોતાના વિચારો રજૂ કર્યા અને તૃતીય રાઉન્ડમાં 'યુનિફોર્મ સિવિલ કોડ' પર વિરોધ પક્ષ તરીકે વિદ્યાર્થિનીઓએ પોતાના અભિપ્રાયો વ્યક્ત કર્યા.

સ્પર્ધાના અંતે પરિણામ જાહેર થતા BAOUને રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતીય ઉપવિજેતા ઘોષિત કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે સમગ્ર દેશની ઓપન યુનિવર્સિટીઓમાંથી માત્ર BAOUએ જ આ સ્પર્ધામાં ભાગીદારી નોંધાવી હતી અને દ્વિતીય ઉપવિજેતા બનીને પોતાનો કિર્તીમાન સ્થાપિત કર્યો. આ ઝળહળતી સફળતા બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી અને યુનિવર્સિટી પરિવારે વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યાં.








# વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે રક્તદાન શિબિર યોજાઈ

તારીખ 7 એપ્રિલ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી રક્તદાન કરીને કરવામાં આવી. માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયનાં સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી સમાજસેવાનાં ઉત્કૃષ્ટ કાર્યો કરતી રહી છે.

વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે યુનિવર્સિટીનાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ 'રક્તદાન એ જ મહાદાન' સૂત્રને સાર્થક કરતા રક્તદાન કર્યું. આચરણ દ્વારા શીખવે તે આચાર્યનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં, કુલપતિશ્રીએ પણ સ્વયં રક્તદાન કરી સમાજના દરેક વ્યક્તિને રક્તદાન કરવા માટે પ્રેરિત કર્યા.

આ રક્તદાન શિબિર યુનિવર્સિટીના એક્સ્ટેન્શન એક્ટિવિટી સેલ અને રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી. કેમ્પમાં સૌ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું, જેણે આ કાર્યક્રમને સફળ બનાવ્યો.





# ‘નવજીવન સમર કેમ્પ'ના મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓનાં પેઈન્ટિંગ્સની યુનિવર્સિટી દ્વારા સરાહના

તારીખ 9 એપ્રિલ, 2025

અમદાવાદ: યુનિવર્સિટી રોડ પર આવેલી હઠીસિંહ આર્ટ ગેલેરીમાં ‘નવજીવન સમર કેમ્પ'ના કલ્ચર ગ્રૂપના 20 જેટલા મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓના પેઈન્ટિંગનું પ્રદર્શન યોજાયું. આ પ્રદર્શનની ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સ્પેશિયલ એજ્યુકેશન વિભાગના ડૉ. નિગમ પંડ્યા અને પ્રો. યોગેન્દ્ર પારેખે ખાસ મુલાકાત લીધી.

માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન અને પ્રેરક પ્રસ્તાવ અનુસાર, યુનિવર્સિટીના પ્રતિનિધિઓને આ પ્રદર્શનમાં વિશિષ્ટ બાળકોની ઉત્કૃષ્ટ ચિત્રકલાને નિહાળવાની તક મળી. આ મુલાકાત દ્વારા યુનિવર્સિટીએ દિવ્યાંગ બાળકોની કલા પ્રત્યે પોતાનો સકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો.







# BAOUનો 10મો પદવીદાન સમારંભ

તારીખ: 14 એપ્રિલ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો દસમો પદવીદાન સમારંભ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયો. ભારતરત્ન ડૉ. આંબેડકરની 134મી જયંતી નિમિત્તે યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ સમારંભમાં શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા તથા સારસ્વત અતિથિ તરીકે યુ.જી.સી.ના પૂર્વ ચેરમેન એમ. જગદીશકુમાર ઉપસ્થિત રહ્યા. રાજ્યપાલશ્રી
અને શિક્ષણમંત્રીશ્રીએ પદવીધારકોને પ્રેરણા આપી.





પોતાના અધ્યક્ષીય ઉદ્બોધનમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, “આજે ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી છે ત્યારે તેમના જીવનમાંથી પ્રેરણા લઈને આપણે સૌએ દેશને આગળ લઈ જવાનું કાર્ય કરવાનું છે.” તેમણે ભારપૂર્વક કહ્યું કે, યુનિવર્સિટીનું ચિંતન રાજ્યને પ્રગતિ અને ઉન્નતિ તરફ લઈ જનારું છે અને પદવીધારકોની નૈતિક ફરજ છે કે તેઓ દેશ અને સમાજની અપેક્ષાઓ પૂરી કરે. ‘સા વિદ્યા યા વિમુક્તયે'નો અર્થ સમજાવતા તેમણે કહ્યું કે વિદ્યાનું લક્ષ્ય ઉન્નત રાષ્ટ્ર અને સામાજિક-સામુદાયિક વિકાસનું હોવું જોઈએ.

શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, ‘આપણે જે શિક્ષણ મેળવ્યું છે તે આપણા સમાજને ઉપયોગી બનવું જોઈએ.’ તેમણે સંશોધનને વેગ આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને કહ્યું કે, તે દેશ અને સમાજને ઉપયોગી થવા જોઈએ. તેમણે યુવાનોને 2047માં વિકસિત ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નને સાકાર કરવાની જવાબદારી લેવા માટે આહ્વાન કર્યું.

રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ જણાવ્યું કે, ‘તમે જે જ્ઞાન મેળવ્યું છે તે તમારા જીવનમાં ડગલેને ડગલે પ્રકાશ પાથરશે અને નૂતન ભારતને દિશા આપવાનું કાર્ય કરશે.’

સારસ્વત અતિથિ તરીકે, પ્રો. એમ. જગદીશકુમારે યુનિવર્સિટી દ્વારા પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ બદલ કુલપતિશ્રીને અભિનંદન આપ્યાં અને સ્વ-રોજગાર તથા સ્ટાર્ટઅપના વિકલ્પો અપનાવવાનું સૂચન કર્યું.

કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે વાર્ષિક અહેવાલ રજૂ કરીને યુનિવર્સિટીએ આ વર્ષે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ અને આગામી વર્ષ માટેના રોડમેપની રૂપરેખા આપી. તેમણે પદવીધારકોને કહ્યું કે, આ સિદ્ધિ જવાબદાર નાગરિકધર્મની ઉજવણી છે.

આ વર્ષે કુલ 18,108 વિદ્યાર્થીઓએ વિવિધ અભ્યાસક્રમોમાં સફળતાપૂર્વક પદવીઓ પ્રાપ્ત કરી, જેમાં PhD (16),

અનુપારંગત (1), અનુસ્નાતક (4,075), સ્નાતક (9,003), PG ડિપ્લોમા (84), ડિપ્લોમા (545) અને સર્ટિફિકેટ (4,384)નો સમાવેશ થાય છે.

વિશિષ્ટ સફળતા પ્રાપ્ત કરનારા 39 વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક, 40 વિદ્યાર્થીઓને રૌપ્યચંદ્રક અને 42 વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો જેવા વિશેષ પુરસ્કારોથી પણ સન્માનિત કરવામાં આવ્યા. આ વર્ષથી શરૂ થયેલ `ડૉ. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર' શ્રીમતી પલ્લવી ગિરીશ ગુપ્તેને એનાયત કરાયો. આ ઉપરાંત, પાલનપુર પ્રાદેશિક કેન્દ્રને `શ્રેષ્ઠ પ્રાદેશિક કેન્દ્ર પુરસ્કાર' એનાયત થયો. તૃતીય AIU રાષ્ટ્રીય મહિલા વિદ્યાર્થી સંસદ 2024-25માં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરનારી યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓને પણ સન્માનિત કરવામાં આવી. આ પ્રસંગે યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસકેન્દ્રોના સંયોજકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓના પરિવારજનો અને અન્ય અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.





# 'Hello BAOU' (90.0 FM) `WAVES એવોર્ડ્સ-2025'માં સેમીફાઈનલિસ્ટ જાહેર

તારીખ: 15, એપ્રિલ, 2025

અમદાવાદ: ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવામાં અગ્રેસર એવી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ખાસ શરૂ કરવામાં આવેલા કોમ્યુનિટી રેડિયો 'Hello BAOU' (90.0 FM)એ એક નવી સિદ્ધિ હાંસલ કરી છે. આ રેડિયો સમુદાય પાસે પહોંચીને તેમની લાગણીઓનો સેતુબંધ બાંધવા અને તેમના વિચારો તેમજ મુદ્દાઓને રજૂ કરવાનું માધ્યમ પૂરું પાડે છે.

માનનીય કુલગુરુ પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ, કોમ્યુનિટી રેડિયો 'Hello BAOU' (90.0 FM) સમાજ ઉપયોગી, વિકાસલક્ષી અને માર્ગદર્શન આપતા કાર્યક્રમોનું નિર્માણ અને પ્રસારણ કરે છે. આ રેડિયોને 'WAVES સામુદાયિક રેડિયો કન્ટેન્ટ ચેલેન્જ'માં 'પબ્લિક હેલ્થ એન્ડ સેફટી' કેટેગરીમાં રાષ્ટ્રીય સ્તરે સેમીફાઈનલિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રેડિયો સ્ટેશને "સમુદાયની વાણી, 'Hello BAOU' એ જાણી"ની ટેગલાઈનને સાર્થક કરતા રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ઊભી કરવા તરફ પ્રગતિ કરી છે. મુંબઈ ખાતે યોજાનાર WAVES 2025 સમિટમાં ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા અંતિમ પરિણામ જાહેર કરવામાં આવશે.



# જીવનસંધ્યાનો ઉજાસ : વરિષ્ઠનું વિદ્યાતપ

## ડૉ. રમીલાબેન શુક્લને અભિનંદન

તારીખ: 18, એપ્રિલ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ફરી એકવાર સાબિત કરી બતાવ્યું છે કે શિક્ષણ મેળવવાની કોઈ ઉંમર હોતી નથી. યુનિવર્સિટીમાંથી રમિલાબેન શુક્લએ 82 વર્ષની ઉંમરે 'ગઝલકાર શૂન્ય પાલનપુરી' વિષય પર પ્રો. યોગેન્દ્ર પારેખના માર્ગદર્શનમાં Ph.D.ની ડિગ્રી સંપન્ન કરી ડોક્ટરેટની ઉપાધિ હાંસલ કરી.

તેમણે પોતાના વર્ષો જૂના સ્વપ્નને સાકાર કરીને આજે દરેક વ્યક્તિ માટે પ્રેરણાસ્રોત બન્યાં છે. તેમની આ સિદ્ધિ એ દર્શાવે છે કે વય માત્ર એક આંકડો છે અને જો જિદ્દ તથા મહેનત હોય તો કંઈ પણ શક્ય છે.

ગઝલના સ્વરૂપ, છંદવૈવિધ્ય અને શૂન્ય પાલનપુરીના સમકાલીન ગઝલકારો તથા ગુજરાતી ગઝલની પરંપરા પર તેમણે નિષ્ઠાપૂર્વક અભ્યાસ, અર્થઘટન, આસ્વાદ, વિશ્લેષણ અને વિવેચન કર્યું. તેમની આ સિદ્ધિ શિસ્તબદ્ધ સક્રિયતા, અનુશાસન, સંદર્ભ સામગ્રીનો યોગ્ય વિનિયોગ અને અવિરત વિદ્યાતપનું પરિણામ છે.

તેમને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ અને સંશોધનની ઉત્તમ તક મળી. તેમણે 75માં વર્ષે M.A. (ગુજરાતી)ની પરીક્ષા પાસ કરી અને 78માં વર્ષે Ph.D. શોધછાત્ર તરીકે જોડાયાં અને આ તક સાર્થક કરી. આવી ઉજ્જવળ તક આપવા બદલ તેમણે માનનીય કુલગુરુ પ્રો. અમીબહેન ઉપાધ્યાય અને સમગ્ર યુનિવર્સિટી પરિવારનો આભાર માન્યો. આ સિદ્ધિથી 'Open University'ની સૌને માટે શિક્ષણની ઉક્તિ અને વ્યવસ્થા સાચા અર્થમાં સાર્થક થઈ છે.

આ સિદ્ધિ બદલ ડૉ. રમીલાબહેન શુક્લને વિદ્યાસમાજ તરફથી અભિનંદન પ્રાપ્ત થયા. વિવિધ અખબારો, દૂરદર્શન તથા સોશિયલ મિડીયામાં તેમનાં શોધકાર્યની વ્યાપક રીતે નોંધ લેવામાં આવી



## ૮૨ વર્ષે Ph.D.ની ડિગ્રી મેળવી ડૉક્ટરેટ બનવાનું સ્વપ્ન પૂરું કર્યું

### રમીલાબહેને ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિ.માંથી 'ગઝલકાર શૂન્ય પાલનપુરી- એક અભ્યાસ' પર સંશોધન નિબંધ તૈયાર કર્યો

'મારે બીજા લોકોની જેમ આ ઉંમરે નકારાત્મકતાના સહારે નથી રહેવું, દુનિયા ખૂબ સુંદર છે અને મારે આ સુંદર દુનિયામાં મન ભરીને જીવવું છે.' આ શબ્દો છે ૮૨ વર્ષીય રમીલાબહેન શુક્લાના. જેમણે તાજેતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દસમા દીક્ષાંત સમારોહમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે વર્ષ ૧૯૪૩માં બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં જન્મેલા રમીલાબહેન સ્વભાવે પહેલેથી જ ખૂબ મહેનતુ હતા.

લગ્ન પહેલા વર્ષ ૧૯૬૫માં તેમણે એમ.જી. સાયન્સ કોલેજમાંથી બેચલર ઓફ સાયન્સની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. પોતાની જિંદગીના ૭ દાયકા પસાર કર્યા પછી રમીલાબહેને વધુ અભ્યાસ કરવાની ઈચ્છાથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૬માં ગુજરાતી વિષયમાં માસ્ટર ઓફ આર્ટ્સમાં એડમિશન લીધું. જે ઉંમરમાં લોકો જિંદગીથી થાકીને આરામ અને કામ વગર રહેવાનું પસંદ કરે છે તે ઉંમરમાં રમીલાબહેને ગુજરાતી વિષય સાથે માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરવા માટે ઝંપલાવી દીધું અને તે બાદ પીએચ.ડી. પણ કર્યું.

આ વિશે રમીલાબહેને કહ્યું કે, વાંચવું અને નવું શીખવું મારી ગમતી પ્રવૃત્તિઓ છે. બાળપણથી જ મને ડૉક્ટરેટ થવાની ઈચ્છા હતી. ૭૧ વર્ષની ઉંમરે મને લાગ્યું કે, હવે મેં સંસારની બધી જવાબદારી નિભાવી લીધી છે અને હવે પોતાને સમય આપવો છે. મેં ૨૦૧૬માં ૭૩ વર્ષની ઉંમરે એમ.એ.ની ડિગ્રી મેળવી. ત્યારબાદ મેં આગળ અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો અને પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા માટે ટ્યુશન લેવાનું શરૂ કર્યું. આ પરીક્ષા પાસ કરીને તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પીએચ.ડીમાં એડમિશન લીધું અને 'ગઝલકાર શૂન્ય પાલનપુરી-એક અભ્યાસ' વિષય પર પીએચ.ડી. કરવાની શરૂઆત કરી. ત્યારબાદ થિસીસ લખવા માટે મેં કમ્પ્યૂટરમાં ગુજરાતી ટાઈપિંગ પણ શીખ્યું. મારા પતિના મૃત્યુને ૩૦ વર્ષ થયા છે પરંતુ મારા પરિવારે મારા પડખે ઊભા રહી તેમની કમી ક્યારેય મહેસૂસ નથી થવા દીધી.

### પીએચ.ડી. માટે ૧૩૫ પુસ્તક વાંચ્યા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી યોગેન્દ્રભાઈ પારેખ રમીલાબહેનના પ્રોફેસર અને ગાઈડ હતા. રમીલાબહેને એકવાર તેમને પૂછ્યું કે, પીએચ.ડી. માટે કેટલાં પુસ્તકો વાંચવા પડે તો યોગેન્દ્રભાઈએ કહ્યું કે, પોતાના વિષયનાં ઓછામાં ઓછા ૧૦૦ તો વાંચવા પડે. રમીલાબહેને પોતાની વાંચનશક્તિનો ભરપૂર ઉપયોગ કરીને ૧૩૫ જેટલા પુસ્તકો વાંચી લીધા હતા.

# ‘ટ્રાન્સજેન્ડરોને નિઃ શુલ્ક શિક્ષણ'ની પહેલ : સુરતમાં ટ્રાન્સજેન્ડર સમુદાય સાથે સંવાદ

**તારીખ: 21, એપ્રિલ, 2025**

**સુરત: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જે 1994માં ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત અને NAAC દ્વારા A++ ગ્રેડ પ્રાપ્ત કરેલી રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી છે, તે સૌને સમાન શિક્ષણની તકો પૂરી પાડે છે. આ યુનિવર્સિટી દ્વારા ટ્રાન્સજેન્ડરોને મફત શિક્ષણ આપવામાં આવે છે.**

**આ પહેલના ભાગરૂપે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલગુરુશ્રી પ્રો. ડૉ. અમીબેન ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને તા. 21 એપ્રિલ, 2025ના રોજ પ્રાદેશિક કેન્દ્ર સુરત ખાતે ટ્રાન્સજેન્ડર સમુદાય સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં 55થી વધુ ટ્રાન્સજેન્ડરે ભાગ લીધો.**

**આદરણીય કુલગુરુએ ટ્રાન્સજેન્ડર સમુદાયને શિક્ષણ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા અને દરેક ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા અંગે માર્ગદર્શન આપ્યું. વધુમાં, તેમણે ટ્રાન્સજેન્ડર સમુદાયને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શિક્ષણની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની બાંયધરી આપી. https://www.facebook.com/share/v/17Rk99iVF9/**





# BAOUનાં કુલગુરુશ્રીનો અભ્યાસકેન્દ્રોના સંયોજકો સાથે દૂરવર્તી શિક્ષણના વિકાસ પર સંવાદ

તારીખ: 21, એપ્રિલ, 2025

સુરત: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુશ્રી પ્રો. ડૉ. અમીબેન ઉપાધ્યાયની અધ્યક્ષતામાં તા. 21 એપ્રિલ, 2025ના રોજ પ્રાદેશિક કેન્દ્ર સુરત હેઠળના તમામ અભ્યાસકેન્દ્રોના સંયોજકશ્રીઓ અને સહસંયોજકશ્રીઓ સાથે ચિંતન શિબિર કાર્યક્રમનું આયોજન થયું.

આ શિબિરમાં કુલગુરુશ્રીએ દૂરવર્તી શિક્ષણના મૂળભૂત હેતુને સમજાવતા, યુનિવર્સિટીની સતત અને પરિણામલક્ષી કામગીરી પર ભાર મૂક્યો. તેમણે વિદ્યાર્થીઓ અને અભ્યાસકેન્દ્રોને મૂંઝવતા પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ લાવી માર્ગદર્શન પૂરું પાડ્યું, તેમજ યુનિવર્સિટીના આગામી આયોજનો વિશે વિસ્તૃત માહિતી આપી.

આ કાર્યક્રમમાં પ્રાદેશિક કેન્દ્રોના નિયામક શ્રી ડૉ. હિમાંશુભાઈ પટેલે ઓનલાઈન માધ્યમથી અભ્યાસકેન્દ્રોના સંયોજકોને તેમની કામગીરી અને યુનિવર્સિટીના વિવિધ પાસાંઓ વિશે માહિતગાર કર્યા. આ કાર્યક્રમનું આયોજન પ્રાદેશિક કેન્દ્ર સુરતની ટીમ દ્વારા કરવામાં આવ્યું.






# કુલગુરુશ્રીની લાજપોર જેલની મુલાકાત

21,એપ્રિલ,2025

સુરત: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જે ગુજરાતની તમામ જેલોને તેના મહત્ત્વનનાં કેન્દ્રો તરીકે ગણે છે. યુનિવર્સિટીએ કેદીઓને મફત શિક્ષણ આપીને તેમના સજાના સમયનો સદ્‌ઉપયોગ કરવા અને જીવનને સાચી દિશા આપવાની પહેલ કરી છે.

આ પહેલના ભાગરૂપે, યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી, પ્રાદેશિક કેન્દ્ર સુરતનાં આસિસ્ટન્ટ રીજનલ ડાયરેક્ટર શ્રી ભૌતિક વોરા અને શ્રીમતી ધીયા ત્રિવેદી સાથે તા. 21 એપ્રિલ, 2025ના રોજ લાજપોર મધ્યસ્થ જેલની મુલાકાત લીધી.

માનનીય કુલગુરુશ્રીએ જેલના કેદી ભાઈઓને યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતી આપી. આ ઉપરાંત, તેમણે કેદીઓના કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી સ્કીલ કોર્સ શરૂ કરવાનું આશ્વાસન પણ પૂરું પાડ્યું. લાજપોર જેલના ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ અને કેન્દ્રના સંયોજક શ્રી આશિષ ચૌધરીના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.









# વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ નિમિત્તે 'પુસ્તક પરબ' કાર્યક્રમ યોજાયો

23, એપ્રિલ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ, 'વિશ્વ પુસ્તક અને કોપીરાઇટ દિવસ' નિમિત્તે વિવેકાનંદ લાઈબ્રેરી દ્વારા 'પુસ્તક પરબ' નામનો એક વિશિષ્ટ કાર્યક્રમ તા. 23 એપ્રિલ, 2025ના રોજ સફળતાપૂર્વક યોજાયો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વાંચનની ટેવને વિકસાવવાનો, પ્રકાશન ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો અને લેખકોના બૌદ્ધિક સંપત્તિ અધિકાર એટલે કે કોપીરાઇટ અંગે જાગૃતિ લાવવાનો હતો. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક આ 'પુસ્તક પરબ'ની મુલાકાત લીધી. આ વિશિષ્ટ પરબ પર પુસ્તકોનું નિઃશુલ્ક આદાન-પ્રદાન થયું. યુનિવર્સિટીએ આ કાર્યક્રમ ભવિષ્યમાં પણ નિયમિત રીતે આયોજિત કરવાની ખાતરી આપી, જેથી વધુને વધુ પુસ્તકપ્રેમી લોકો તેનો લાભ લઈ શકે.










# એજ્યુકેશન એક્સપોમાં BAOUના સ્ટોલની શિક્ષણમંત્રીએ મુલાકાત લીધી

**તારીખ: 27, એપ્રિલ, 2025**

**અમદાવાદ:** વાલીઓ અને વિદ્યાર્થીઓના અભ્યાસ સંબંધી પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદ મિરર દ્વારા રાજપથ ક્લબ ખાતે બે દિવસીય એજ્યુકેશન એક્સપોનું આયોજન કરવામાં આવ્યું. આ એક્સપોમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ ભાગ લીધો.

યુનિવર્સિટીના સ્ટોલની મુલાકાત ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશ પટેલે લીધી હતી. શિક્ષણ વિભાગના એ. સી. એસ. શ્રી સુનૈના તોમર અને ડૉ. જે. એમ. વ્યાસે યુનિવર્સિટીના સ્ટોલની મુલાકાત લીધી. શિક્ષણમંત્રીશ્રીએ દૂરવર્તી શિક્ષણ ક્ષેત્રે યુનિવર્સિટીની વિદ્યાર્થીલક્ષી શ્રેષ્ઠ કામગીરી, ગાર્ગી મહિલા સર્વાંગીણ વિકાસ દ્વારા મહિલાઓને સંશોધનમાં પ્રોત્સાહન આપવા અને ટ્રાન્સજેન્ડરને વિનામૂલ્યે શિક્ષણની તકો ઉપલબ્ધ કરાવવા જેવા કુલપતિશ્રીના પ્રયાસોની સરાહના કરી.

દૂરવર્તી શિક્ષણ અંગે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે તે હેતુથી, યુનિવર્સિટી દ્વારા ચાલતા સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમા અને સર્ટિફિકેટ જેવા વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતી આપવામાં આવી. આ પ્રસંગે, મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓએ પણ સ્ટોલની મુલાકાત લઈ વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતી મેળવી.












# BAOUમાં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી

**તારીખ: 1 મે, 2025**

**અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે શૈક્ષણિક અને સાર્થક ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. આ ઉજવણી માનનીય કુલગુરુ શ્રી પ્રો. અમી ઉપાધ્યાયના પ્રેરક માર્ગદર્શન મુજબ થઈ.**

**કાર્યક્રમના પ્રારંભે પહેલગામ (કાશ્મીર) ખાતે થયેલા આતંકી હુમલાનો ભોગ બનેલા દેશવાસીઓને અંજલિ આપવામાં આવી. ત્યારબાદ, સુરૂચિપૂર્ણ સાદગી સાથે BAOU પરિવારના તમામ સભ્યોએ ગુજરાત રાજ્યના ગૌરવ અને અસ્મિતાને કેન્દ્રમાં રાખીને રચાયેલી મહત્ત્વની રચનાઓનું પઠન કર્યું. ડૉ. કૃતિ છાયાએ ગુજરાત રાજ્યની સ્થાપના વિશે ઉપયોગી માહિતી રજૂ કરી હતી.**

**કાર્યક્રમના સંયોજક પ્રો. યોગેન્દ્ર પારેખે પૂજ્ય રવિશંકર મહારાજે 1 મે, 1960ના રોજ આપેલ ગુજરાત રાજ્યના ઉદ્ઘાટન પ્રવચનની ઓડિયો પ્રસ્તુતિ કરી હતી. (https://www.facebook.com/share/v/1Bfcm8sbnX/) કાર્યક્રમનું સંચાલન પ્રો. શ્યામ પટેલે કર્યું અને આભારવિધિ પ્રો. વિવેક સાખીએ કરી. ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતી આ પ્રસ્તુતિથી ઉપસ્થિત સૌમાં પ્રસન્નતા છવાઈ હતી.**






# डॉ. बाबासाहेब अम्बेडकर मुक्त विश्वविद्यालय में विवेकानंद केंद्र द्वारा 'संस्कार वर्ग प्रशिक्षण शिविर' का आयोजन

**तारीख: 7 मे, 2025**

**अहमदाबाद:** डॉ. बाबासाहेब अम्बेडकर मुक्त विश्वविद्यालय और विवेकानंद केंद्र, कन्याकुमारी के संयुक्त तत्वावधान में दिनांक 6 से 11 मई तक 'कर्मयोगैकनिष्ठा' विषय पर गुजरात प्रांत संस्कार वर्ग प्रशिक्षण शिविर का आयोजन किया गया।

इस शिविर का उद्घाटन सत्र 6 मे, 2025 को आयोजित किया गया था, जिसमें मुख्य वक्ता विश्वविद्यालय की कुलपति प्रो. अमी उपाध्यायजी, विवेकानंद केंद्र के अमृत परिवार के अध्यक्ष श्री नलिनभाई पंड्या, गुजरात प्रांत के प्रशिक्षक, प्रांत कार्यकर्ता, बाल संस्कार केंद्र के कार्यकर्ता और अध्यापिका बहनें उपस्थित थीं।

उद्घाटन सत्र में श्री नलिनभाई पंड्या ने 'कर्मयोगैकनिष्ठा' विषय पर मार्गदर्शन दिया और वर्तमान समय में संस्कार निर्माण के लिए प्रशिक्षण की आवश्यकता पर जोर दिया। कार्यक्रम की मुख्य वक्ता प्रो. अमीबेन उपाध्याय ने जीवंत उदाहरणों के माध्यम से मूल्यों की स्थापना में माता-पिता और परिवार की सक्रिय भूमिका को समझाया। उन्होंने नई पीढ़ी द्वारा राष्ट्र उत्थान में माताओं की भूमिका पर प्रकाश डालते हुए कहा, "बड़ी इकाई को प्राप्त करने के लिए छोटी इकाई को छोड़ दो, ईश्वर खुद छोटी इकाई का ख्याल करेंगे।" यह विधान जीवन में माँ के सम्माननीय स्थान को दर्शाता है। उन्होंने व्यक्तित्व विकास में मानवीय भावनाओं के महत्त्व पर भी अपने विचार व्यक्त किए।

विवेकानंद केंद्र की कार्यकर्ता रिद्धिबेन ने कार्यक्रम का संचालन किया और शिविर में नियोजित कार्यक्रमों की जानकारी दी, जिससे प्रशिक्षकों के लिए आयोजित इस प्रशिक्षण शिविर का महत्त्व स्पष्ट हुआ।










# જૂનાગઢમાં આયોજિત 'EduFest 2025'માં BAOUએ ભાગ લીધો







તારીખ: 11 મે, 2025

જૂનાગઢ: ન્યુઝ કેપિટલ ગુજરાતી ચેનલ દ્વારા તા. 10 અને 11 મે, 2025ના રોજ સુરજ બેન્ક્વેટ હોલ, જૂનાગઢ ખાતે આયોજિત એજ્યુકેશન એક્સપો 'EduFest 2025 (SORTH)'માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ભાગ લીધો. આ સહભાગિતા માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

એક્સપોમાં, યુનિવર્સિટીના સ્ટોલ પર વિદ્યાર્થીઓ અને વાલીઓને ચાલતા વિવિધ અભ્યાસક્રમો જેવા કે સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ પ્રસંગે, દૂરવર્તી શિક્ષણ ક્ષેત્રે યુનિવર્સિટીની વિદ્યાર્થીલક્ષી શ્રેષ્ઠ કામગીરી, 'ગાર્ગી મહિલા સર્વાંગીણ વિકાસ'થી મહિલાઓને સંશોધનમાં પ્રોત્સાહન, જેલના કેદીઓ અને ટ્રાન્સજેન્ડરોને વિનામૂલ્યે શિક્ષણ, તેમજ શહીદ વીર વીરાંગનાઓનાં બાળકો માટે મફત શિક્ષણ જેવી કુલપતિશ્રીની અનેક પહેલોની સરાહના કરવામાં આવી. જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડિયા અને અગ્રણી પ્રદીપભાઈ ખીમાણી સહિતના આગેવાનોએ યુનિવર્સિટીના સ્ટોલની મુલાકાત લીધી હતી.

## BAOU Vice Chancellor Prof. Ami Upadhyay Delivers a Lecture on Indian Culture and Spirituality

May 11, 2025

Ahmedabad: Dr. Babasaheb Ambedkar Open University is glad to share the recent lecture on Indian Culture and Spirituality through Classical Dances of India by Prof. Ami Upadhyay, Hon'ble Vice Chancellor. It was an honor to discuss the rich traditions and symbolism embedded in our classical dance forms, rooted in ancient texts like the Natya Shastra.

It was great pleasure to elaborate on how Bharatiya Classical dances convey devotion and spirituality through intricate movements and gestures and how these dances recount stories of gods and goddesses, preserving cultural heritage. Discussion on mudras, costumes, and music conveying emotions and philosophical concepts surely motivated for questions full of curiosity. The traditional teacher-disciple relationship ensures accurate transmission of dance techniques and nuances.






# બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી

**તારીખ: 12 મે, 2025**

**અમદાવાદ: સમગ્ર વિશ્વમાં વૈશાખ સુદ પૂનમના દિવસને બુદ્ધ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગાર્ગી સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અને એક્સ્ટેન્શન એક્ટિવિટી સેલ દ્વારા યુનિવર્સિટીના 'વંદના' પરિસરમાં બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ માનનીય કુલગુરુ શ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ તા. 12 મે, 2025ના રોજ યોજાયો હતો.**

**આ કાર્યક્રમમાં માનનીય કુલગુરુ શ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, કુલસચિવશ્રી, યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકો અને સર્વે કર્મચારીઓ દ્વારા ભગવાન બુદ્ધની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. આ ઉજવણી દ્વારા યુનિવર્સિટી પરિવારે શાંતિ અને જ્ઞાનના સંદેશનું સ્મરણ કર્યું.**







# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા 'સર્જકની આંતરકથા' શ્રેણીનો પ્રારંભ

તારીખ: 12, મે, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સર્જકોના કેફિયત અને જીવનકથાને રજૂ કરતી 'સર્જકની આંતરકથા' નામની એક નવી શ્રેણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ શ્રેણીનો મુખ્ય ઉદ્દેશ સાહિત્યના મૂર્ધન્ય સર્જકોના જીવન અને સાહિત્યયાત્રા વિશે વિદ્યાર્થીઓ અને વાચકોને માહિતગાર કરવાનો છે.

માનનીય કુલગુરુશ્રી પ્રો. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન અને પ્રોત્સાહનથી શરૂ થયેલી આ શ્રેણીના પ્રથમ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક શ્રી વીનેશ અંતાણી સાથે પ્રત્યક્ષ સંવાદ યોજાયો. આ કાર્યક્રમ ચૈતન્ય સ્ટુડિયો, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે તા. 12 મે, 2025ના રોજ સાંજે 4:00 કલાકે યોજાયો હતો.

પ્રો. યોગેન્દ્ર પારેખ સાથેના આ સંવાદમાં શ્રી વીનેશ અંતાણીએ પોતાની જીવનકથા અને સાહિત્યયાત્રા વિશે વાત કરી, જેમાં તેમણે સર્જન પાછળના પોતાના અનુભવો, પ્રેરણા અને વિચારો રજૂ કર્યા. તેમના પ્રત્યક્ષ સંવાદથી વિદ્યાર્થીઓ અને સાહિત્યપ્રેમીઓને તેમના સર્જન પાછળની આંતરિક પ્રક્રિયાને સમજવાની તક મળી.



# BAOUના નવા વિદ્યાર્થીઓ માટે અમદાવાદમાં અભિમુખતા બેઠક યોજાઈ: કુલપતિએ દૂરવર્તી શિક્ષણનું હાર્દ સમજાવ્યું

તારીખ: 17 મે, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રાદેશિક કેન્દ્ર, અમદાવાદ ખાતે ફેબ્રુઆરી-2025ના શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે અભિમુખતા બેઠકનું આયોજન યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં તા. 17 મે, 2025ના રોજ સવારે 10:00 કલાકે કરવામાં આવ્યું હતું.

આ બેઠક માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા. જુદા જુદા વિભાગના નિયામકશ્રીઓ, જેમાં પ્રો. પ્રિયાંકી વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. નિશા જોશી, ડૉ. અર્ચના મિશ્રા, પ્રો. શ્રી નિલેશ બોખાણી, ડૉ. જયશ્રી ગુર્જર, ડૉ. મીનાબેન રાજપૂત, ડૉ. વિનોદ માજીરાણા અને ડૉ. નિગમ પંડ્યાનો સમાવેશ થાય છે, તેમણે પ્રવેશ, પરીક્ષા, એસાઈનમેન્ટ, સ્કોલરશિપ, અભ્યાસસામગ્રી, વિદ્યાર્થી સહાય સેવાઓ, વેબસાઇટ અને ઓનલાઇન પ્રવેશ માટેના મહત્ત્વના મુદ્દાઓની વાત પીપીટી અને વેબસાઇટ દ્વારા અસરકારક રીતે રજૂ કરી.

પ્રાસંગિક વક્તવ્યમાં કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયે દૂરવર્તી શિક્ષણના મૂળભૂત હેતુને સમજાવતા BAOUની વર્તમાન ભૂમિકા અને વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી. તેમણે યુનિવર્સિટીના અવિરત સક્રિય વિકાસ અને પરિણામલક્ષી કામગીરી પર પણ ભાર મૂક્યો. વિદ્યાર્થીઓએ આ સત્ર દરમિયાન જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નો પૂછ્યા, જેના સંતોષકારક જવાબો સંબંધિત વિભાગ દ્વારા આપવામાં આવ્યા.

વિદ્યાર્થીઓના સદભાવપૂર્ણ પ્રતિસાદ અને સક્રિયતાથી આ બેઠક જીવંત રહી. બેઠકનું સંચાલન પ્રાદેશિક કેન્દ્ર-અમદાવાદના મદદનીશ નિયામક ડૉ. મોનિકાબેન ગુપ્તાએ સરળતાપૂર્વક કર્યું, અને અંતે મદદનીશ નિયામક શ્રી વિજયસિંહ ભદૌરિયાએ આભારવિધિ વ્યક્ત કરી. 'ટીમ BAOU'ના સહિયારા પ્રયાસોથી આ કાર્યક્રમ સફળ રહ્યો. કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓને અલ્પાહાર અને વિવિધ અભ્યાસક્રમોની સામગ્રી તથા મૂલ્યવાન માર્ગદર્શન આપી વિદાય કરાયા.









# ‘સર્જકની આંતરકથા’ શ્રેણીમાં મૂર્ધન્ય સર્જક શ્રી રઘુવીર ચૌધરી સાથે સંવાદ

તારીખ: 20 મે, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સાહિત્યિક સર્જકોની આંતરિક કેફિયતને રજૂ કરતી ‘સર્જકની આંતરકથા' શ્રેણી અંતર્ગત જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક શ્રી રઘુવીર ચૌધરી સાથે પ્રત્યક્ષ સંવાદ યોજાયો.

માનનીય કુલગુરુશ્રી પ્રો. અમી ઉપાધ્યાયનાં માર્ગદર્શન અને પ્રોત્સાહનથી શરૂ થયેલી આ શ્રેણીનો મુખ્ય હેતુ સાહિત્યરસિકોને મૂર્ધન્ય સર્જકોની જીવનયાત્રા અને સર્જન પાછળના વિચારોથી અવગત કરાવવાનો છે. આ સંવાદ તા. 20 મે, 2025ના રોજ સવારે 11:00 કલાકે યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયો ખાતે યોજાયો.

આ પ્રસંગે, પ્રો. યોગેન્દ્ર પારેખ સાથેના સંવાદ દ્વારા શ્રી રઘુવીર ચૌધરીએ પોતાની સર્જન યાત્રા, અનુભવો અને સાહિત્યિક વિચારો વિશે વિસ્તારપૂર્વક વાત કરી.



# તિરંગા યાત્રા દ્વારા 'ઓપરેશન સિંદૂર'ની સફળતાની ઉજવણી

તારીખ: 26 મે, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પહેલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં કરાયેલા 'ઓપરેશન સિંદૂર'ની સફળતાની ઉજવણી તિરંગા યાત્રા અને સભાના સ્વરૂપે કરવામાં આવી. 26 મે, 2025ના રોજ યોજાયેલી આ તિરંગા યાત્રા યુનિવર્સિટીના કુલગુરુ ડૉ. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં થઈ.

આ રેલીમાં યુનિવર્સિટીના પદાધિકારીઓ, વિવિધ કેન્દ્રોના નિયામકશ્રીઓ, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા. યાત્રામાં આ હીચકારી આતંકી હુમલામાં ભોગ બનેલાઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આ હુમલામાં જે મહિલાઓએ પોતાનું સિંદૂર ગુમાવ્યું હતું, તેમની સહાનુભૂતિ અને ન્યાય માટે 'ઓપરેશન સિંદૂર'ને સન્માન આપવા મહિલાઓએ નારાઓ સાથે આગેકૂચ કરી.

યાત્રાના અંતે, યુનિવર્સિટીના ગૌતમ હોલમાં 'ઓપરેશન સિંદૂર'માં ભારતીય સેનાના અદમ્ય સાહસ અને શૌર્યને બિરદાવતો રાષ્ટ્રભક્તિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ભારતીય સેનાના નિવૃત્ત અધિકારી કેપ્ટન મીરાં સિદ્ધાર્થ દવેએ જણાવ્યું કે, 'આ હુમલો આતંકી હુમલો ન કહી શકાય, આ હુમલાને જેહાદ કહેવી જોઈએ. પાકિસ્તાનને તેના કર્મોનું ફળ મળ્યું છે. સિંદૂર સાતત્ય, માન્યતા અને વિશ્વાસનું પ્રતીક છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે હવે નાગરિક તરીકે આપણી પણ કેટલીક ફરજો અદા કરવાની રહે છે અને આપણે સૌએ સોશિયલ મીડિયાનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

આ પ્રસંગે યુનિવર્સિટીના કુલગુરુ ડૉ. અમી ઉપાધ્યાયે જણાવ્યું કે, "ઓપરેશન સિંદૂર દિવ્ય અને ભવ્ય ભારતનો પાયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બે મહિલાઓ- કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંઘને 'ઓપરેશન સિંદૂર'ના બ્રીફિંગની જવાબદારી સોંપી હતી. તે દેશની નીતિ દર્શાવે છે." તેમણે વધુમાં કહ્યું કે, 'આજે આપણો દેશ વિશ્વની ચોથી સૌથી મોટી આર્થિક સત્તા બન્યો છે, ત્યારે ઓપરેશન સિંદૂર ભારતનો એક સાંસ્કૃતિક જવાબ છે. આપણને સૌને આપણી સેના પર ખૂબ જ ગર્વ અને ગૌરવ હોવું જોઈએ. દેશની સુરક્ષા અને વિકાસ આપણા સૌની સામુહિક જવાબદારી છે.'

આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના એક્સટેન્શન એક્ટિવિટી સેલ દ્વારા કરવામાં આવ્યું હતું, અને તેનું સંચાલન ડૉ. નીતુબેન કનારાએ કર્યું.





# BAOUના યજમાનપદે 'યુવાશક્તિ, ભારતની શક્તિ' કાર્યક્રમ યોજાયો

**તારીખ: 28 મે, 2025**

**અમદાવાદ:** ધ એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ (AIU)ના ઉપક્રમે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના યજમાનપદે 'યુવાશક્તિ, ભારતની શક્તિ' શીર્ષક હેઠળ એક કાર્યક્રમ યોજાયો. યુનિવર્સિટીના કશ્યપ સભાગૃહમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઉત્તર, દક્ષિણ, મધ્ય, પૂર્વ અને પશ્ચિમ એમ દેશના પાંચ વિભાગોનું પ્રતિનિધિત્વ કરતી પાંચ યુનિવર્સિટીના યુવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી. અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં.

સ્વાગત પ્રવચન દરમિયાન, માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે 'ઓપરેશન સિંદૂર'ના સંદર્ભમાં યુવાઓમાં નવચેતના જાગૃત કરતું ઉદ્બોધન આપ્યું. તેમણે ભારતીય સેનાની કાર્યવાહી અને સ્ત્રી સશક્તિકરણનું પ્રતીક બની રહેલી બંને મહિલા સૈન્ય અધિકારીઓના પ્રયાસોને બિરદાવ્યા. તેમણે દેશના સક્ષમ નેતૃત્વના દૃઢ નિશ્ચય અને આત્મબળની સરાહના કરીને યુવાનોને સંરક્ષણની સામૂહિક જવાબદારી માટે જાગૃત રહેવા અને રાષ્ટ્રની સેવા કરવા અનુરોધ કર્યો.



મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈને આવા મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યક્રમ માટે યજમાન બનવા બદલ BAOUનો આભાર વ્યક્ત કર્યો. તેમણે વડાપ્રધાન અને ગૃહમંત્રીના મક્કમ નેતૃત્વને બિરદાવ્યું અને યુવા શક્તિને રાષ્ટ્રીય સુરક્ષા માટે પ્રેરક અપીલ કરી. તેમણે સ્વદેશી અપનાવીને સ્વરોજગારી ક્ષેત્રને ટેકો આપવા પર ભાર મૂક્યો. આ પ્રસંગે 'ઓપરેશન સિંદૂર'ની અસરકારક ડોક્યુમેન્ટરી સૌએ નિહાળી. કાર્યક્રમના અંતે, કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે ઉપસ્થિત યુવાનોને 'મેરા ભારત, મેરા સંકલ્પ'ના સોગંદ લેવરાવ્યા. આ પ્રતિજ્ઞાપત્રનું વાંચન અને યુવાનોના રાષ્ટ્રભાવનાસભર પ્રતિઘોષથી સમગ્ર વાતાવરણ ઉત્સાહપૂર્ણ બન્યું.



આ કાર્યક્રમમાં બોર્ડ મેમ્બર ડૉ. જયેશ પટેલ, શ્રી યતીન પટેલ અને કુલ સચિવ ડૉ. અજયસિંહ જાડેજા સહિત સમગ્ર યુનિવર્સિટી પરિવાર, વિવિધ પ્રાદેશિક કેન્દ્રોના નિયામકો અને કર્મચારીઓ જોડાયા. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી નેહાબેન ભટ્ટે કર્યું અને પ્રો. ડૉ. પ્રિયાંકી વ્યાસે આભારવિધિ વ્યક્ત કરી. વિશાળ સંખ્યામાં યુવાનોની ઉપસ્થિતિથી આ કાર્યક્રમ સફળ રહ્યો.

**ટેલીવિઝનમાં સમાચાર: https://www.facebook.com/share/p/17Mhe9ek9F/**



ad

## વેસ્ટર્ન ટાઇમ્સ

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે AIU દ્વારા આયોજિત પશ્ચિમ ઝોનનો વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો



અમદાવાદ, ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ દ્વારા 'યુવા શક્તિ, ભારત કી શક્તિ- એક યુવા, એક રાષ્ટ્ર, એક સંકલ્પ' શીર્ષક સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈનના અધ્યક્ષસ્થાને ભવ્ય વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સહિત દેશભરના ઉત્તર, દક્ષિણ, મધ્ય, પૂર્વ ઝોનની પાંચ યુનિવર્સિટીમાં આ રાષ્ટ્રવ્યાપી શપથ કાર્યક્રમ યોજાયો હતો.

મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈને પ્રાસંગિક ઉદબોધન આપતા કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સશક્ત નેતૃત્વ હેઠળ ભારતીય સેનાએ પહેલગામમાં થયેલ જઘન્ય અને અમાનવીય આતંકી હુમલા બાદ ઓપરેશન સિંદૂરના સૂર્યના દર્શન કરાવ્યા હતા. આ સમયે સમગ્ર દેશની જનતા ભારતીય સેનાની સાથે છે. સર્વે સામાજિક અગ્રણીઓ, દેશભક્ત નગરજનો 'એક દેશ, શ્રેષ્ઠ દેશ'ની ભાવનાને સીમા પાર પહોંચાડી રહ્યા છે. દેશવાસીઓ દેશની અસ્મિતાને બળ આપવાની સાથે દેશભક્તિના રંગમાં રંગાઈ ગયા છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર ભારતના પાંચ ઝોનમાંથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને આ શપથ કાર્યક્રમ માટે પસંદ કરવામાં આવી તે ખૂબ જ આનંદ સાથે ગર્વની બાબત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદને જમીનદોસ્ત કરવાના વિચાર સાથે ભારત દેશને આત્મનિર્ભર બનાવી વિકસિત ભારત @૨૦૪૭ને સાર્થક કરવા અને 'વોકલ ફોર લોકલ'ના નારા સાથે 'મેક ઈન ઈન્ડિયા'ને સાર્થક કરવા વિદેશી વસ્તુઓના બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાનો વિશેષ આગ્રહ કરવામાં આવ્યો છે. આપણે આપણા દેશની વસ્તુ ખરીદવાની અને બહારના દેશની વસ્તુઓનો બહિષ્કાર કરવાની માનસિકતા બનાવીશું ત્યારે આપણે આપણા દેશને વધારે મજબૂત કરી શકીશું. ડૉ .બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાંસેલર સુશ્રી અમીબહેન ઉપાધ્યાયે કહ્યું હતું કે, ભારત દેશ આત્મનિર્ભર છે. તે ધર્મના નામ ઉપર આતંકને સહન નહી કરે. ઓપરેશન સિંદૂર એ ભારતના દુશ્મનોને દેશ દ્વારા આપવામાં આવેલો જવાબ છે.

ભારતવાસીઓ સંયમ અને સામર્થ્ય બતાવવાવાળી પ્રજા છે. આર્થિક રીતે પ્રગતિ કરતા ભારત દેશને પોતાની યુવા શક્તિ ઉપર વિશ્વાસ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માનવા અનુસાર યુવા શક્તિ એ ઉંમર કરતા સ્પિરિટની વાત વધુ છે. તેથી યુવા શક્તિ થકી વિશ્વને ભારતનું મહત્ત્વ બતાવવાનું છે. જે ભારતની સામે ઊભા હશે, તે ભારતના લોકોની સામે ઊભા હશે. યુવા શક્તિ સાથે ભારતને વિશ્વબંધુ બનતા કોઈ નહીં રોકી શકે.

આ શપથ સમારોહ કાર્યક્રમમાં યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર શ્રી યતીન પટેલ અને શ્રી જયેશ પટેલ, રજિસ્ટ્રાર ડૉ. શ્રી અજયસિંહ જાડેજા સહિત રાજ્યભરમાંથી આવેલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Ratnamani

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે

# ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (AIU) દ્વારા આયોજિત પશ્ચિમ ઝોનનો વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો



(માહિતી અમદાવાદ)ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (AIU) દ્વારા 'યુવા શક્તિ, ભારત કી શક્તિ- એક યુવા, એક રાષ્ટ્ર, એક સંકલ્પ' શીર્ષક સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈનના અધ્યક્ષસ્થાને ભવ્ય વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સહિત દેશભરના ઉત્તર, દક્ષિણ, મધ્ય, પૂર્વ ઝોનની પાંચ યુનિવર્સિટીમાં આ રાષ્ટ્રવ્યાપી શપથ કાર્યક્રમ યોજાયો હતો. મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈને પ્રાસંગિક ઉદબોધન આપતા કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સશક્ત નેતૃત્વ હેઠળ ભારતીય સેનાએ પહેલગામમાં થયેલ જઘન્ય અને અમાનવીય આતંકી હુમલા બાદ ઓપરેશન સિંદૂરના સૂર્યના દર્શન કરાવ્યા હતા. આ સમયે સમગ્ર દેશની જનતા ભારતીય સેનાની સાથે છે. સર્વે સામાજિક અગ્રણીઓ, દેશભક્ત નગરજનો 'એક દેશ, શ્રેષ્ઠ દેશ'ની ભાવનાને સીમા પાર પહોંચાડી રહ્યા છે. દેશવાસીઓ દેશની અસ્મિતાને બળ આપવાની સાથે દેશભક્તિના રંગમાં રંગાઈ ગયા છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર ભારતના પાંચ ઝોનમાંથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને આ શપથ કાર્યક્રમ માટે પસંદ કરવામાં આવી તે ખૂબ જ આનંદ સાથે ગર્વની બાબત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદને જમીનદોસ્ત કરવાના વિચાર સાથે ભારત દેશને આત્મનિર્ભર બનાવી વિકસિત ભારત @2047ને સાર્થક કરવા અને 'વોકલ ફોર લોકલ'ના નારા સાથે 'મેક ઈન ઈન્ડિયા'ને સાર્થક કરવા વિદેશી વસ્તુઓના બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાનો વિશેષ આગ્રહ કરવામાં આવ્યો છે. આપણે આપણા દેશની વસ્તુ ખરીદવાની અને બહારના દેશની વસ્તુઓનો બહિષ્કાર કરવાની માનસિકતા બનાવીશું ત્યારે આપણે આપણા દેશને વધારે મજબૂત કરી શકીશું. ડૉ .બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાંસેલર સુશ્રી અમીબહેન ઉપાધ્યાયે કહ્યું હતું કે, ભારત દેશ આત્મનિર્ભર છે. તે ધર્મના નામ ઉપર આતંકને સહન નહીં કરે. ઓપરેશન સિંદૂર એ ભારતના દુશ્મનોને દેશ દ્વારા આપવામાં આવેલો જવાબ છે. ભારતવાસીઓ સંયમ અને સામર્થ્ય બતાવવાવાળી પ્રજા છે. આર્થિક રીતે પ્રગતિ કરતા ભારત દેશને પોતાની યુવા શક્તિ ઉપર વિશ્વાસ છે.

# સંસ્કૃત અને અંગ્રેજી ભાષા શીખવા માટે નૂતન પહેલ: સોફ્ટવેરથી સઘન તાલીમ

**તારીખ: 29 મે, 2025**

**અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ભાષા શિક્ષણના ક્ષેત્રમાં એક નવી પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પહેલ હેઠળ, યુનિવર્સિટી અત્યાધુનિક લેંગ્વેજ સોફ્ટવેરના માધ્યમથી સંસ્કૃત અને અંગ્રેજી ભાષા શીખવા માટે સઘન તાલીમનો અભ્યાસક્રમ શરૂ કરી રહી છે.**

**આ અભ્યાસક્રમનો મુખ્ય ઉદ્દેશ સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં વાંચવા, લખવા અને બોલવાની સજ્જતા વધારવાનો છે. જે વિદ્યાર્થીઓ કે વ્યક્તિઓ પોતાની ભાષા કૌશલ્યમાં સુધારો કરવા ઈચ્છે છે, તેઓ આ અભ્યાસક્રમનો લાભ લઈ શકે છે. આ નૂતન પહેલ દ્વારા યુનિવર્સિટી શિક્ષણને વધુ સુલભ અને અસરકારક બનાવવા માટે પ્રયાસ કરી રહી છે.**






# Workshop on Graduate Employability



**Date: 4 June, 2025**

**Ahmedabad: Dr. Babasaheb Ambedkar Open University participated actively in the Capacity Building Workshop on "Implementing Graduate Employability and Understanding Skills Qualifications" organized by the Commonwealth of Learning (COL) – CEMCA.**

**In the session titled "Towards Skill Courses for improving Graduate Employability Review of progress made," Prof. Nilesh Modi, Director of CIQA (Centre for Internal Quality Assurance) at Babasaheb Ambedkar Open University, Ahmedabad, Gujarat, participated as a panelist. The session also included Dr. Randhir Roopchund, Consultant, COL -CEMCA, and Dr. Anirban Ghosh, Director, CIQA, Netaji Subhas Open University, Kolkata, West Bengal.**

**The participation highlights BAOU's commitment to enhancing student employability through skill-based course review and implementation.**






# Zee 24 કલાકના 'શિક્ષા કોન્ક્લેવ-2025' માં BAOU 'Excellent in State University' પુરસ્કૃત

તારીખ: 7 જૂન, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ને ગુજરાતી ન્યૂઝ ચેનલ Zee 24 કલાક દ્વારા આયોજિત શિક્ષા કોન્ક્લેવ-2025માં 'Excellent in State University' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અમદાવાદ સ્થિત ધ હિલ્લોક હોટલ ખાતે યોજવામાં આવ્યો હતો.

માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયના સક્ષમ નેતૃત્વ હેઠળની ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિકાસયાત્રાના આ સન્માન પ્રસંગે ગુજરાત સરકારના શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ખાતાના શિક્ષણમંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે, શિક્ષા કોન્ક્લેવ-2025માં મળેલા આ સન્માન બદલ પ્રો. અમી ઉપાધ્યાયે Zee 24 કલાક ચેનલના માધ્યમથી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો. આ નિમિત્તે યુનિવર્સિટીની સિદ્ધિઓ, વિવિધ પ્રવૃત્તિઓ તેમજ શોધ (રિસર્ચ) માટે મળતી ગ્રાન્ટ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.






# BAOU પરિસરમાં નિઃશુલ્ક યોગ શિબિરનો પ્રારંભ

તારીખ: 12 જૂન, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને આરોગ્ય ભારતીના સંયુક્ત ઉપક્રમે વિશ્વ યોગ દિવસના ઉપલક્ષ્યમાં `સ્વાસ્થરક્ષા યોગ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું. આ યોગ શિબિર યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં તા. 12 જૂન, 2025થી 21 જૂન, 2025 દરમિયાન યોજાઈ.

શિબિરમાં સવારે 7:00થી 8:00 દરમિયાન યોગાભ્યાસ, 8:00થી 9:00 દરમિયાન વ્યાખ્યાન અને જ્ઞાનસત્રનું આયોજન થયું. જેમાં વિવિધ વિષયના નિષ્ણાતોએ સ્વાસ્થ્ય અને પરંપરાગત ભારતીય વિદ્યાઓ પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે પહેલા દિવસે આયુષ મંત્રાલયના નિવૃત્ત ડાયરેક્ટર ડૉ. દિનેશ પંડ્યા ખાસ હાજર રહ્યા હતા.

શિબિરમાં આવરી લેવાયેલા મહત્ત્વના વિષયો:

1. ગર્ભ સંસ્કાર
2. સુવર્ણ પ્રાશન
3. મંત્રયોગ - લયયોગ
4. આંખ - કાનના સુરક્ષાના ઉપચાર
5. ગાયના દૂધ અને ઘીનું મહત્ત્વ
6. મન - શાંતિના ઉપાયો
7. દિનચર્યા - ઋતુચર્યા
8. પરંપરાગત ભારતીય વિદ્યાઓ
9. યોગાભ્યાસ ચિકિત્સાની દૃષ્ટિએ
10. ધ્યાન - પ્રાણાયામ
11. IVFની માહિતી
12. હસ્તમુદ્રા અને તેનો ઉપયોગ

# Campus Placement Drive at BAOU

**Date: June 14, 2025**

**Ahmedabad: Dr. Babasaheb Ambedkar Open University (BAOU) is delighted to share the successful completion of a Placement Drive organized by Bajaj Allianz Life Insurance Company Ltd on June 14, 2025. The event was held under the esteemed motivation of the Honourable Vice Chancellor, Prof. (Dr.) Ami Upadhyay Madam.**

**The event was inaugurated with a warm welcome by Prof. (Dr.) Nilesh Modi, Director of the School of Computer Science, CIQA & Center for International Studies. He delivered an insightful session on Graduate Employability, highlighting the significant achievements of BAOU.**

**The university was honored to host distinguished representatives from Bajaj Allianz: Mr. Kushal Barot – State HR Manager (Gujarat), Mr. Gaurang Gandhi – Cluster HR Manager (Ahmedabad), Mr. Bhavin Patel – Associate Regional Head, Mr. Paresh Dave – Chief Branch Manager, Mr. Ankit Shah – Chief Branch Manager, Mr. Kailash Bhindora – Branch Manager**

**The representatives conducted an engaging Pre-Placement Talk, interacting with the aspiring candidates, followed by Personal Interviews meticulously coordinated by: Dr. Shivang Patel – Associate Professor, School of Computer Science, BAOU; Mrs. Rima Upadhyay – CIQA Coordinator, BAOU; Mrs. Monika Gupta – Regional Director, BAOU, Ahmedabad.**






**Out of 140 registered students from various UG & PG programs, BAOU is proud to announce that 33 students successfully cleared the first round of interviews. This milestone reflects BAOU's ongoing commitment to student success and industry collaboration.**





# ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીજીને શ્રદ્ધાંજલિ






**તારીખ: 21 જૂન, 2025**

**અમદાવાદ: અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીજીના અકાળ અવસાન પર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ તરફથી ગહન શોક વ્યક્ત કરવામાં આવ્યો છે. યુનિવર્સિટીનાં દીર્ઘદૃષ્ટા વાઈસ ચાન્સેલર પ્રો. અમી ઉપાધ્યાય, તમામ ડાયરેક્ટર્સ, રજિસ્ટ્રાર તથા સમગ્ર યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં સ્વર્ગસ્થ શ્રી રૂપાણીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.**

**શ્રી રૂપાણીજી જનકલ્યાણ અને રાષ્ટ્રનિર્માણ માટે કાર્યરત રહેલા એક વિઝનરી નેતા હતા. રાજ્યના વિકાસમાં તેમનું યોગદાન અવિસ્મરણીય છે. યુનિવર્સિટી પરિવારે તેમના લોકસેવાનાં કાર્યને શત શત વંદન આપી શ્રદ્ધા વ્યક્ત કરી. પ્રભુ તેમના આત્માને નિર્વાણ શાંતિ અર્પે અને શોકસંતપ્ત પરિવારજનોને ધૈર્ય અને શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવી.**



# 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

**તારીખ: 21 જૂન, 2025**

**અમદાવાદ:** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. કુલગુરુશ્રી પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ, તમામ ડાયરેક્ટર્સ, રજિસ્ટ્રાર તથા યુનિવર્સિટી પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી થઈ.

આ અવસરે, કુલગુરુએ તા. 12 જૂન, 2025થી 21 જૂન, 2025 દરમિયાન યોજાયેલા 'સ્વાસ્થ્ય રક્ષા યોગ શિબિર (યોગાભ્યાસ અને જ્ઞાન સત્ર)'ના સફળ આયોજનની પ્રશંસા કરી. સાથે જ, તેમણે યોગ શિબિરમાં ભાગ લેનાર તમામ સહભાગીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા.

'યોગ દ્વારા શરીર, મન અને આત્માનું સમતુલન સ્થાપિત થાય છે' – આ સંદેશને આત્મસાત કરતાં તમામ ઉપસ્થિત સભ્યોએ યોગાભ્યાસ કર્યો અને 'સ્વસ્થ જીવન માટે યોગ, શાંતિમય જીવન માટે યોગ!'ના મહત્ત્વને ઉજાગર કર્યું.







# 'વિજયના વાવેતર સાથે યોગનું પર્વ': BAOU પરિવારે સિંદૂરના છોડનું વાવેતર કરી રાષ્ટ્રભક્તિ અને શાંતિનો સંદેશ આપ્યો



તારીખ: 21 જૂન, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે `ઓપરેશન સિંદૂરની સફળતા અને વિજયની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી. આ દિવ્ય યોગદિન પર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયની આગેવાની હેઠળ, તમામ ડાયરેક્ટર્સ, રજિસ્ટ્રાર અને સમગ્ર યુનિવર્સિટી પરિવારની હાજરીમાં સિંદૂરના છોડનું વાવેતર કરવામાં આવ્યું. આ વાવેતર દ્વારા શાંતિ, સાહિત્ય અને સંસ્કૃતિના રંગનું સ્મરણ કરાયું. યોગના શાંતિપૂર્ણ સંદેશ અને સિંદૂરના પવિત્રતાના રૂપક રૂપે આ વાવેતર કરીને યુનિવર્સિટીએ નમ્રતા અને રાષ્ટ્રભક્તિના ભાવ વ્યક્ત કર્યા. યુનિવર્સિટી પરિવારે `વિજયની ઉજવણી – વાવેતરથી સંસ્કૃતિ સુધી'ના આશય સાથે આ કાર્યક્રમને સફળ બનાવ્યો.



YouTube

facebook

Instagram

LinkedIn

(Twitter)







**Published By:**

**Dr. Babasaheb Ambedkar Open University**

'Jyotirmay' Parisar,

Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382 481.

**Editor : Prof. Yogendra Parekh**

**Design by: Chaitanya Studio, BAOU.**